જ.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/દિવાબત્તી કર/વશી/પ૨૮/૨૦૧૫ / 1830

નિયામક નગરપાલિકાઓની કચેરી,
બ્લોક નં.૧૪, ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. તા. ૮ /૦૯/૨૦૧૫.

*વંચાણે લીધાઃ-*

૧. મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકાનો પત્ર (૧) ૨૪૯૭/૧૪-૧૫, તા.૨૪/૦૩/૧૫, (૨) ૩૦૮/૧૫-૧૬, તા.૧૯/૦૫/૧૫ અને (૩) ૪૨૪/૧૫-૧૬, તા.૦૪/૦૬/૨૦૧૫.

૨. કલેક્ટરશ્રી મહેસાણા નો પત્ર ક્રમાંકઃ નગપ/૧/વશી/૧૬૦૯/૧૫, તા.૨૭/૦૩/૨૦૧૫.

૩. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન નં. કેવી/૧૯૩/૯૧/જીઓએ/૧૦૯૦/૨૯૫૧(૧)મ, તા.૩૧/૦૭/૧૯૯૧.

*// હુ ક મ //*

આમુખ (૧) થી મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકાએ દિવાબત્તી વેરા નિયમો-૨૦૧૪ કરવાની દરખાસ્ત અત્રેની કચેરીને કરવામાં આવેલ છે.

આમુખ (૨) ના પત્રથી કલેક્ટરશ્રી મહેસાણા એ વિજાપુર નગરપાલિકાના સદરહું નિયમોની દરખાસ્ત ચકાસણી કરીને મંજુર કરવા ભલામણ કરેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧ તેમજ પ્રોવીઝન (એ) હેઠળના નગરપાલિકાએ બનાવેલા નિયમો મંજુર કરવા અથવા સુધારો કરવાની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૨ હેઠળ આમુખ (૩) અન્વયે નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરને મળેલ સત્તાની રૂએ આ સાથેના વિજાપુર નગરપાલિકાના દિવાબત્તી વેરા નિયમો-૨૦૧૪ મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ નિયમો લાગુ પાડતા પહેલાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૩ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણઃ- નિયમોની નકલ.

રવાના કર્યુંઃ-

સહી/-
(રાકેશ શંકર)
નિયામક, નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

M H Bhatt
નાયબ નિયામક નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
પ્રમુખશ્રી / મુખ્ય અધિકારીશ્રી,
વિજાપુર નગરપાલિકા,
જી. મહેસાણા.

વિજાપુર નગર પાલિકા
દફતરનું નામ... દિવાબત્તી
આવક નંબર... ૧૨૨૨
તારીખ... ૧૦/૯/૧૫

*નકલ સવિનય રવાનાઃ-*

- ઉપ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

*નકલ રવાનાઃ-*

- કલેક્ટરશ્રી મહેસાણા તરફ જાણ સારૂ.
- મુખ્ય અધિકારીશ્રી વિજાપુર નગરપાલિકા, જી.મહેસાણા તરફ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઇ મુજબ અમલવારી કર્યા અંગેનો ઠરાવ કરી, અમલવારી કર્યાની જાણ કરવા સારૂ.
- સીલેક્ટ ફાઇલે.

## દિવાબતી વેરો
## દિવાબત્તીવેરા અંગેના નિયમો – ૨૦૧૪

આમુખ :–

ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૮૭ ની જોગવાઈ મુજબ સાર્વજનિક રસ્તાઓ, જગ્યાઓ અને ઈમારતો ઉપર દિવાબત્તી કરવીએ નગરપાલિકાની ફરજ છે. નગરપાલિકા ધ્વારા આ ફરજ નિભાવવામાં આવે છે પરંતુ દિવાબત્તી અંગેના ખર્ચને પહોંચી વળવા માટે દિવાબત્તી વેરો નાખવા અંગેની સરકારશ્રીની વખતોવખતની સૂચના તથા દિવાબત્તીવેરો નાખવા અંગે નગરપાલિકા અધિ.૧૯૬૩ની કલમ ૯૯ (૧૦) તથા કલમ ૨૭૧(ઢ) ની જોગવાઈ મુજબ દિવાબત્તી અંગેના દર તથા નિયમો નકકી કરવામાં આવે છે.

- **ટુંકુ નામ :–** આ નિયમો વિજાપુર નગરપાલિકા દિવાબત્તીવેરા– ૨૦૧૪ કહેવાશે
- **વેરાનો દર :–** દિવાબતી વેરાનો દર આ સાથે સામેલ પરિશિષ્ટ –૧ મુજબનો રહેશે.
- **અમલી કરણ :–** દિવાબતી વેરો તથા તેના નિયમો વર્ષ ૨૦૧૫–૧૬ થી લાગુ પાડવામાં આવશે.
- **વિસ્તાર વ્યાપ :–** નગરપાલિકા વિજાપુર માં સમાવિષ્ટ તમામ મિલકતો પર આ નિયમો લાગુ પડશે અને વખવો વખત જે કોઈ વિસ્તાર વધારા આવશે કે સમાવામાં આવશે તે વિસ્તારોમાં પણ આ નિયમો લાગુ પડશે.
- **વ્યાખ્યાઓ :–**

૧. અધિનિયમ/કાયદો એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ અને કલમ એટલે અધિનિયમની કલમ.

૨. દર અથવા ટેક્ષ એટલે મિલ્કત કે તેના ભાગ પરનો વેરો.

૩. મુખ્ય અધિકારી એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૪૭ અન્વયે નિમાયેલ અધિકારી.

૪. કારોબારી સમિતિ એટલે નગરપાલિકા અધિનિયમની જોગવાઈ મુજબ રચાયેલ કારોબારી સમીતી

૫. વર્ષ એટલે એપ્રીલ મહીનાની પહેલી તારીખથી શરુ થતુ અને માર્ચ મહીનાની ૩૧ તારીખે પુરુ થતું વર્ષ અર્થાત નાણાંકીય વર્ષ અથવા તેનો કોઈ ભાગ.

૬. કરવસુલાતદાર એટલે વિજાપુર નગરપાલિકાનો કોઈપણ કર્મચારી અથવા નગરપાલિકાએ વખતોવખત નિયુકત કરેલ સંસ્થા/એજન્સી તથા વ્યકિતઓ.

૭. વહીવટી ચાર્જ વસુલદાર એટલે વિજાપુર નગરપાલિકાના ચીફ ઓફીસર,સેનીટરી ઈન્સ્પેકટર તથા નગરપાલિકા ધ્વારા નકકી કરેલ કોઈપણ કર્મચારી અથવા નગરપાલિકાએ નિયુકત કરેલ સંસ્થા/એજન્સી તથા વ્યકિતઓ અને નગરપાલિકાએ નિયુકત કરેલ કલીનગાર્ડ/વોલન્ટીયર્સ.

૮. મકાન માલિકનો અર્થ ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૨(૧૮)મુજબનો રહેશે અને મકાનનો અર્થ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨(૨)માં જણાવવામાં આવેલ છે. તે મુજબ કરવાનો રહેશે.

૯. કબજેદાર એટલે એજન્ટ,ભાડુઆત,મેનેજર અથવા ગણોતીયા તરીકે મકાન અથવા જમીનનો ખરેખરો કબ્જો ધરાવતી વ્યકિત.

૧૦. આ નિયમમાં જેની વ્યાખ્યા ન કરી હોય પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા કરી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગનો અર્થ અધિનિયમમાં કરવામાં આવેલ છે.તે મુજબ થશે.

નિયંત્રણ સમિતિ એટલે લાઈટ સમિતિ અને તેની ગેરહાજરીમાં કારોબારી સમિતિ અને ઉપરોક્ત બંન્નેની ગેરહાજરીમાં પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીની બનેલી સમિતિ.

**નિયમો:–**

૧. **વેરો ભરવાની રીત :–** એપ્રિલ મહિનાની ૧ લી તારીખે શરૂ થતા નાણાંકીય વર્ષ માટેનો દિવાબત્તીવેરો સમગ્ર વર્ષ માટે એકસામટો ભરવાનો રહેશે.

૨. **વેરો ભરવાની સમયમર્યાદા :–** આ અંગેનું માંગણા બિલ વિજાપુર નગરપાલિકાના વેરા વળતર, દંડનીય વ્યાજ, નોટીસ ફી, વોરંટ ફી, અંગના નિયમો અન્વયેની સમયમર્યાદા.

૩. **વેરો ભરવાનું સ્થળ :–** વેરો વિજાપુર નગરપાલિકામાં અથવા નગરપાલિકા નકકી કરે/જાહેર કર તેવા સ્થળોએ અને તેવી પધ્ધતિથી ભરી શકાશે.

૪. વિજાપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મિલ્કતો પર પરિશિષ્ટ–૧ મુજબનો દિવાબત્તી વેરો લાગુ પડશે. જેમાં દર બે વર્ષે આપોઆપ ૧૦%નો ઉતરોતર વધારો થશે. દિવાબત્તીવેરો મિલ્કતવેરા સાથે સાંકળીને સંયુક્ત બિલથી વસુલ કરવામાં આવશે.અથવા અલગ બિલ બનાવીને પણ વસુલ કરી શકાશે.

૫. દિવાબત્તીવેરા માટેનું અલગ માંગણા રજીસ્ટર અમલમાં આવશે નહિ.

૬. **વેરો ભરવા માટે જવાબદાર વ્યકિત :–** સામાન્ય રીતે મિલ્કતના માલિક આ વેરા માટે જવાબદાર ગણાશે. પરંતુ તેની ચૂકવણીમાં માલિક ધ્વારા કસુર થયેથી બાકી લેણી રકમ મિલ્કતના ખરેખર વપરાશકર્તા, વહીવટકર્તા,મેનેજર પાસેથી વસુલ કરી શકાશે.

૭. જે મકાનો મિલ્કતવેરામાંથી બાકાત રાખેલ છે તે તમામ મિલ્કતો દિવાબત્તીવેરામાંથી મુકત ગણાશે નહિ.

૮. દિવાબત્તીવેરાની આકારણી અને વસુલાત માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની તમામ જોગવાઈઓ આપોઆપ લાગુ પડશે.

૯. આ નિયમમાં વપરાયેલ પણ જેની વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તેવા શબ્દ અને શબ્દપ્રયોગોનો અર્થ અધિનિયમમાં તેનો જે અર્થ છે તે પ્રમાણેનો થશે.

૧૦. રકમ સ્વીકારવા/વસુલ કરવા અધિકૃત વ્યકિતઓ

નગરપાલિકાના ટેક્ષ ઈન્સ્પેકટર,વેરા કારકુન અથવા મુખ્ય અધિકારીએ અધિકૃત કરેલા નગરપાલિકાના નોકરો વેરાની રકમ વસુલ કરવા અધિકૃત ગણાશે.ઉપરાંત નગરપાલિકાએ વખતોવખત નિયુકત કરેલ સંસ્થા/એજન્સી તથા વ્યકિતઓ

૧૧. એન.એ.કરેલ વિસ્તારો તથા નવીન સોસાયટી વિસ્તારોમાં નવિન સ્ટ્રીટલાઈટો (થાંભલા અને ફીકચર્સ સહીત) નાંખવાની જવાબદારી જે તે મિલ્કત ધારકો /ડેવલપર્સની રહેશે. જેની જાળવણી તથા નિભાવણી નગરપાલિકા કરશે.

૧૨ દિવાબત્તી કર બાબતે ખાસ રીતે જણાવેલ ન હોય તેવા કેસોની બાબતમાં દર/ટેક્ષ નકકી કરવાનો નિયંત્રણ સમિતિને રહેશે.

૧૩. **નોટીસ ફી :–** નગરપાલિકા ધ્વારા માંગણાબીલની બજવણી થયા બાદ નિયત સમયમાં વેરો ભરવામાં ન આવે તો અધિનિયમની જોગવાઈ મુજબ નોટીસની બજવણી કરવામાં આવશે તો રૂા.૧૦૦/–નોટીસ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે.

**વોરંટ ફીઃ–** નોટીસની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઈ કરવામાં નહી આવે અને નગરપાલિકા ધ્વારા જપ્તી/સીલ અંગેનું વોરંટ ઈસ્યુ કરવામાં આવશે અને વોરંટના ઈસ્યુ સમયે તે જ દિવસે ટેક્ષ ભરપાઈ કરવામાં આવશે તો વોરંટ ફી તરીકે રૂા.૧૦૦/–લાગુ પડશે.વોરંટની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઈ કરવામાં નહી આવે અને નગરપાલિકા ધ્વારા જપ્તી/સીલની કાર્યવાહી કરવામાં આવશે તો રૂા.૨૦૦/– કાર્યવાહી પેટે લાગુ પડશે.માંગણા બિલની બજવણી થયા બાદ ૧૫ દિવસમાં વેરો ભરવામાં ન આવે તો મુખ્ય અધિકારી નોટીસ બજાવશે. પ્રથમ નોટીસ માટે કરના ૧૦% અથવા રૂા.૧૦૦/– એ બેમાંથી જે ઓછી તેટલી નોટીસ ફી લાગુ પડશે. જયારે અન્ય નોટીસ માટે કરના ૧૦% અથવા રૂા.૧૦૦/– એ બેમાંથી જે વધારે તેટલી નોટીસ ફી લાગુ પડશે.

૧૫. આ નિયમો અમલમાં આવ્યેથી અગાઉના નિયમો આપોઆપરદ થશે પરંતુ તે રદ થવાથી તે હેઠળ લીધેલાં પગલાં કે કૃત્યોને કોઈ બાધ આવશે નહી અને તે પૈકી બાકી લ્હેણાં વસુલ કરવામાં બાધ આવશે નહી.

પરિશિષ્ટ –૧

| અ.નં. | મિલ્કતનો પ્રકાર | હાલના વેરાનો વાર્ષિક દર | સભામાં ઠરાવવમાં આવેલ દર વાર્ષિક રૂા. |
|---|---|---|---|
| ૧ | રહેણાંક | 50/- | 70/- |
| ૨ | વાણિજય | 100/- | 150/- |

ચીફ ઓફીસર
વિજાપુર નગર પાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

સહી/–

નિયામક, નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

રવાના કર્યું
M H Bhatt
નિયામક. નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી.

# વિજાપુર નગરપાલિકા

વિજાપુર નગર પાલિકા
જાવક નંબર ૧૧૪૭/૧૫/૧૬
તારીખ ૧/૧૦/૧૫

## દિવાબત્તી વેરા નિયમો-૨૦૧૪

**(નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૦૩ હેઠળ)**

વિજાપુર નગરપાલિકાએ દિવાબત્તી વેરા નિયમો-૨૦૧૪ મંજુર કરવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી. આ દરખાસ્ત નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ નં.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/દિવાબત્તી કર/વશી/૫૨૮/૧૫/૮૧૩૦ તા.૦૮/૦૯/૨૦૧૫થી મંજુર કરેલ છે. મંજુર થયેલ નિયમો આ સાથે સામેલ રાખેલ છે. આ નિયમો ૧ જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવશે. જેની તમામ કરદાતાઓએ નોંધ લેવી.

(જયેશ બી.પટેલ)
ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

C:\Users\Pratik\Documents\Jaher Nivida 2015.doc

# વિજાપુર નગરપાલિકા

## દિવાબત્તી વેરા નિયમો–૨૦૧૪

**(નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ–૧૦૩ હેઠળ)**

વિજાપુર નગર પાલિકા
જાવક નંબર ૨૨૪૭/૧૫-૧૬
તારીખ ૨૧/૧૦/૧૫

વિજાપુર નગરપાલિકાએ દિવાબત્તી વેરા નિયમો–૨૦૧૪ મંજુર કરવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી. આ દરખાસ્ત નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ નં.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/દિવાબત્તી કર/વશી/૫૨૮/૧૫/૮૧૩૦ તા.૦૮/૦૯/૨૦૧૫થી મંજુર કરેલ છે. મંજુર થયેલ નિયમો આ સાથે સામેલ રાખેલ છે. આ નિયમો ૧ જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવશે. જેની તમામ કરદાતાઓએ નોંધ લેવી.

(જયેશ બી.પટેલ)
ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

C:\Users\Pratik\Documents\Jaher Nivida 2015.doc